# શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક
# 'ક્રાંતિ તીર્થ'

સલાયા – મસ્કા રોડ, ગામ : મસ્કા, તા. માંડવી–કચ્છ (ગુજ.) ફોન : (૦૨૮૩૪) ૨૯૫૧૯૫ ઈ–મેઈલ : info@krantiteerth.org

તારીખ : ૨૧/૦૬/૨૦૧૨

**અખબારી યાદી :**

અષાઢી બીજ – કચ્છી નવા વર્ષની ઉજવણી પ્રસંગે માંડવી પધારી રહેલા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સૌપ્રથમ ક્રાંતિતીર્થ ખાતે વિરાંજલી ગેલેરીમાં નવનિર્મિત 'વર્ચ્યુઅલ શ્રધ્ધાંજલિ' કિઓસ્ક (ટચ સ્ક્રિન કોમ્પ્યુટર)નું ઉદ્‌ઘાટન કરી મુલાકાતીઓને શ્રધ્ધા સુમન અર્પિત કરવાનો એક અનેરો નવતર મોકો પ્રદાન કર્યો હતો. નવનિર્મિત 'વર્ચ્યુઅલ શ્રધ્ધાંજલિ' કિઓસ્ક (ટચ સ્ક્રિન કોમ્પ્યુટર) અહીં મુલાકાત લેનાર તમામ મુલાકાતીઓને શ્રી શ્યામજી કૃષ્ણવર્માજી તથા ભાનુમતિજીના અસ્થિ કલશ પર વર્ચ્યુઅલ શ્રધ્ધાંજલિ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી મહાન ક્રાંતિગુરૂને શ્રધ્ધાપૂર્વક વંદન કરવાનો અવસર આપશે.

મા.મુખ્યમંત્રીશ્રીએ ત્યારબાદ ક્રાંતિતીર્થના સૌથી પ્રસિધ્ધ કિઓસ્ક પર 'કૌન બનેગા ક્રાંતિવીર કવીઝ ગેમ શો' નિહાળી હતી અને નવા તૈયાર થઈ રહેલ કિઓસ્ક 'ભારતનું ગૌરવ' નું નિર્દેશન કરી આનંદ વ્યકત કર્યો હતો. 'કૌન બનેગા ક્રાંતિવીર' (કૌન બનેગા કરોડપતિ ટી.વી. ગેમ શો આધારિત)કવીઝ ગેમ શો બાળકો/વિદ્યાર્થીઓની સાથોસાથ તમામ પ્રવાસીઓને આકર્ષિત કરવામાં સફળ રહયો છે.

સૌપ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રીનું ક્રાંતિતીર્થના ગાઈડ ભાઈઓ–બહેનો દ્વારા પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના અગ્ર સચિવશ્રી અને ક્રાંતિતીર્થનું સુપેરુ સંચાલન કરતા જી.એમ.ડી.સી.લિ.ના મેનેજીંગ ડાયરેકટરશ્રી વી.એસ. ગઢવી સાહેબે ખાસ ઉપસ્થિત રહી મુખ્યમંત્રીશ્રીને વિરાંજલિ ગેલેરીમાં નવનિર્મિત કિઓસ્ક અંગેની જાણકારી આપી હતી. ક્રાંતિતીર્થના મેનેજરશ્રી મહેશભાઈ ગોસ્વામી, શ્રી બંકીમભાઈ પટ્ટણી, જી.એમ.ડી.સી. લિ. ગઢશીશા પ્રોજેકટના શ્રી આર.એલ ભટ્ટ, શ્રી એચ.ડી. પઢેરીયા, શ્રી એસ.ડી. ડવ, શ્રી હીરજીભાઈ કારાણી, શ્રી દિલીપભાઈ દેશમુખ, શ્રી મંગલભાઈ ભાનુશાલી, શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, શ્રી મનીષભાઈ ભાનુષાલી, શ્રી ધર્મેશભાઈ જોષી વગેરે સ્વાગતમાં જોડાયા હતા.

જેમની પ્રેરણાથી ક્રાંતિતીર્થનું નિર્માણ થયું છે અને જેમના સંનિષ્ઠ પરિણામલક્ષી પ્રયત્નોથી માંડવીના સપૂત, ભારતના મહાન રાષ્ટ્રવાદી દેશભકત અને ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણવર્માજી તથા તેમના ધર્મપત્નિ ભાનુમતિજીના અસ્થિ માદરે વતન તેમના હાથે જ પહોંચાડાયા, તેવા માનનીય મુખ્યમંત્રીશ્રી ક્રાંતિતીર્થ ખાતે ચોથી વખત પધારી રહયા છે. આ અગાઉ તેમની ક્રાંતિતીર્થની મુલાકાત વખતે તેમણે સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે ઈન્ડીયા હાઉસ ગેલેરીમાં વિવેકાનંદજીના જીવન પર આધારિત કિઓસ્કનું ઉદ્‌ઘાટન કરેલ હતું. જેનો બહોળો લાભ મુલાકાતીઓ લઈ રહયા છે.

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ સોસાયટી દ્વારા નિર્મિત તથા ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ. દ્વારા સંચાલિત અદભૂત અને આધુનિક તથા સ્વચ્છ, સુઘડ અને સુંદર શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ – 'ક્રાંતિતીર્થ'ની અત્યારસુધી કુલ : ૫,૨૮,૦૧૭ મુલાકાતીઆ મુલાકાત લઈ ચૂકયા છે અને શહિદો, ક્રાંતિકારીઓ, રાષ્ટ્રવાદીઓ અને દેશભકતોને શ્રધ્ધાપૂર્વક શ્રધ્ધાંજલિ તેમજ સલામી આપી ચૂકયા છે તો ૧૧૨૭ શાળા/કાલેજોના ૭૩૨૪૮ વિદ્યાર્થીઓ આ મેમોરીયલની મુલાકાત લઈ રાષ્ટ્રીય ઘડતરના પાઠ શીખ્યા છે.

**– મહેશ ગોસ્વામી, મેનેજર – 'ક્રાંતિતીર્થ'**